## ટ્રેક નં. ૬૭ : સંસ્કાર વિષે

* પૂર્વના સંસ્કારથી મોક્ષ થાય કે પુરુષાર્થથી ? સાંભળીએ એ બાબતની તત્ત્વચર્ચા.

* માંગલિક :

* ભક્તિ : ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય.

❀ બહેનશ્રી : એ પોતે જ જે અંતરમાં પોતાની યોગ્યતા તૈયાર કરી હોય એ પોતાને પોતાને જ લાભ કરે છે. તૈયાર થાય છે. પૂર્વભવમાં ઊંડા સંસ્કારો હોય એ પ્રગટ થાય છે. પોતે જે તૈયારી કરી હોય ઈ જાતની યોગ્યતા ચૈતન્યમાં હોય છે. એવી રીતે સંસ્કાર હોય. ૧

* **પ્રશ્ન : પર્યાય સાથે કાંઈ જોડાણ રહેતું હશે ? પર્યાય પર્યાય વચ્ચે ?**

● ઉત્તર : જોડાણ નહીં, પણ એ ચૈતન્યમાં યોગ્યતા હોય છે કે જે યોગ્યતા યથાર્થપણે યોગ્યતા પ્રગટ અંદર હોય એ એને પૂર્વભવમાં કુદરતી સ્વયં (બીજા ભવમાં) પ્રગટ થાય છે. એ જાતનો પુરુષાર્થ કરે (એને). ૨.

* **પ્રશ્ન : આપણે આ ભવમાં જે ધર્મ પામ્યા એમાં ગયા ભવના કાંઈ સંસ્કાર હશે આપણામાં ? પૂર્વભવમાં એવા સંસ્કાર કરેલા હશે ?**

● ઉત્તર : સંસ્કાર તો હોય પૂર્વના, પણ દરેકને હોય જ એવું નથી હોતું. ઘણાને સંસ્કાર હોય છે પૂર્વભવના. ઘણાને નથી હોતા. જ્યારે કરે ત્યારે પહેલું થાય છે. પૂર્વમાં જ્યારે તૈયારી કરી ત્યારે પહેલું જ હતું. એમાં કાંઈ અધૂરાશ રહે પૂર્વમાં, તો બીજા ભવમાં આવે તો પૂર્વના સંસ્કારથી પ્રગટ થાય એમ કહેવાય, પણ જ્યારે કરે ત્યારે તો પહેલું જ થાય છે. જ્યારે કરે ત્યારે પહેલું જ થાય છે. એમાં પૂર્વમાં કાંઈ એને પૂરું થયું ન હોય એટલે પછી બીજા ભવમાં આવે

તો એને પુરુષાર્થ એકદમ તાત્કાલિક થાય એટલે પૂર્વના સંસ્કાર એમ કહેવાય. તાત્કાલિક થાય તો એમ કહેવાય કે પૂર્વના સંસ્કાર છે. જેને કરવું હોય એને તો તૈયારી પહેલા જ થાય છે. પ્રથમ જીવ અનાદિ કાલનો જે જન્મમરણ કરતો આવ્યો છે. એમાં કોઈ દેવ, કે કોઈ ગુરુ ને એવા સંયોગ અથવા ગુરુની વાણી મળે તો તૈયારી જ્યારે કરી હોય તો પહેલી જ તૈયારી પોતાની. ગમે ત્યાં કરે તો પહેલી તૈયારી પોતાની. (જ હોય છે.) ૩.

**✻ પ્રશ્ન : સમન્વય કેવી રીતે કરવાનો? સંસ્કાર અને વ્યવહાર પર્યાય જો પલટાઈ જતી હોય તો સંસ્કાર તો બદલાઈ જતા હોય અને જે વ્યવહાર હોય છે તે નિશ્ચયમાં સંસ્કાર કેમ રહે?**

● ઉત્તર : ઈ સંસ્કાર યોગ્યતા રહે છે આત્મામાં અમુક પ્રકારની. એને પલટવાની યોગ્યતા રહે છે. નિશ્ચય એટલે એને પર્યાય પલટ્યા કરે પણ એનામાં યોગ્યતા પલટી શકે, સ્વભાવ તરફ આવી શકે એવી યોગ્યતા છે આત્મામાં. સ્વભાવ તરફ ન પલટી શકે એવું નથી, એનામાં યોગ્યતા છે. ૪.

**✻ પ્રશ્ન : સંસ્કારનો સ્વભાવ તરફ નિશ્ચય દૃષ્ટિએ ખતવવું પડે ને?**

● ઉત્તર : નિશ્ચય એટલે જે અનાદિ અનંત દ્રવ્ય અપેક્ષાએ એમ નિશ્ચય નહીં, પણ એનો પલટન સ્વભાવ છે, એ તો નિશ્ચય જ છે ને એમ. યોગ્યતા છે એ એનો સ્વભાવ છે માટે એ નિશ્ચય, પણ જે અનાદિ અનંત જે દ્રવ્ય સ્વભાવ છે એની અપેક્ષાએ વ્યવહાર છે. ૫.

**✻ પ્રશ્ન : જે સંસ્કાર વધતા જાય છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થયું હોય ત્યાં સુધી વ્યવહાર?**

● ઉત્તર : ત્યાં સુધી તો વ્યવહાર. સંસ્કાર છે એ વ્યવહાર છે. પરિણતિ જે સંસ્કારની છે વ્યવહાર છે, પણ એ વ્યવહાર ગધેડાના શીંગડા જેવું નથી એમ નથી. વ્યવહાર છે અમુક પ્રકારનો. ૬.

**✻ પ્રશ્ન : એનો અભાવ થઈને નિશ્ચય થાય?**

● ઉત્તર : એ નિશ્ચય દૃષ્ટિ કરે એટલે એ પર્યાય પોતાની સ્વભાવ તરફ આવે છે. ૭.

✻ પ્રશ્ન : આપણને ખ્યાલમાં આવવું જોઈએ બુદ્ધિપૂર્વક કે જ્ઞાયકના સંસ્કાર એ જ સાચા સંસ્કાર છે ?

● ઉત્તર : હોવાપણું બરાબર. 'આ અસ્તિત્વ તે મારું, આ અસ્તિત્વ તે હું, આ બીજાનું અસ્તિત્વ, જે વિભાવભાવ છે તે હું નથી. વિભાવ હું નથી, એમાં શરીર હું નથી ભેગું આવી જાય છે. વિભાવ એ અંદરનું છે. એટલે વિભાવ સિવાયનું બધું બહારનું આવી જાય છે. આ વિભાવ ભાવ તે હું નથી. પણ આ સ્વભાવ હું છું, એમાં વિભાવ હું નથી એ આવી જાય છે. ઈ સ્વભાવ હું છું. એમાં પોતાના અસ્તિત્વની અંદર—અસ્તિત્વની અંદર જે જે ભરેલું છે ઈ અનંત ગુણ અને અનંત ધર્મોથી ભરેલું જે ચૈતન્ય છે ઈ બધું પોતાના અસ્તિત્વની અંદર, એ અસ્તિત્વની અંદર જે અનંત ગુણ અને અનંત ધર્મો ભરેલા છે ઈ બધું આવી જાય છે. 'ઈ હું છું અને આ હું નથી' એમાં એકમાં બધું આવી જાય છે. પછી વિચારમાં કેટલાક વિચાર કરે, બધું કરે તો પણ દૃષ્ટિ તો એની ઉપર-એક ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ થાય કે 'આ ચૈતન્ય અસ્તિત્વ તે હું, બાકી બધું હું નહીં, હું છું' એમાં આ નથી.' એ ભેગું આવી જાય છે. 'હું ચૈતન્ય છું. હું ચૈતન્ય છું એની જ ધારાવાહી પરિણતિને જો દૃઢ કરે અને એવું ભેદજ્ઞાન જો સહજ થાય તો એની પાછળ એની તીવ્રતામાં એને વિકલ્પ તૂટીને જ્ઞાતાધારાની ઉગ્રતા થતા એને સ્વાનુભૂતિ થયા વગર રહેતી નથી, પણ એની ઉગ્રતા થાય તો! એક ચૈતન્ય અસ્તિત્વમાં પછી એને અનંત ગુણ શોધવા જાવા પડતા નથી કે અનંત ધર્મો ગોતવા જાવા પડતા નથી. અસ્તિત્વની અંદર બધું સમાઈ ગયું છે. એ કેમ દૃષ્ટિ કરે? મહિમા વગર એના ઉપર દૃષ્ટિ થંભે જ નહીં. પરની મહિમા છૂટી જાય, વિભાવની મહિમા છૂટી જાય, વિભાવમાં આકુળતા લાગે. શુભ કે અશુભ બેયમાં આકુળતા લાગે ત્યારે એના (સ્વભાવ) ઉપર દૃષ્ટિ થંભે, નહીંતર થંભે પણ નહીં. માટે

એની દૃષ્ટિ યથાર્થ થંભે ક્યારે? કે પોતાની મહિમા લાગે તો જ. પોતાને ઓળખે તો જ ત્યાં દૃષ્ટિ સ્થિર થાય. એટલે એમાં ઓળખવાનું આવી જાય, ઈ દૃષ્ટિ આવી જાય. થંભે તો એ બાજુ પરિણતિ આવી જાય, એકમાં બધું આવી જાય. ૮.

*** પ્રશ્ન : પુરુષાર્થમાં સંસ્કારનું બળ હોય તો તે પુરુષાર્થ સંસ્કારો ઉપર જરા જલ્દી કામ કરી જાય એમ તો બનતું હશે ને?**

● ઉત્તર : જલદી તો પોતાની તૈયારી હોવી જોઈએ ને! અહીંયા આ બધાને કેટલા સંસ્કાર પડ્યા? ઓલા પૂર્વના, ગુરુદેવના કેટલા વર્ષના સંસ્કાર બધાને પડ્યા છે? કેટલા વર્ષથી છે? એ પૂર્વ ગણી લેવું બધું. ગુરુદેવને વ્યાખ્યાનમાં જે બધાએ સાંભળ્યા અંતરમાં એ બધા પૂર્વના સંસ્કાર માની લેવા. ૯.

*** પ્રશ્ન : સંસ્કારનું સિંચન થયું એનું બળ અમુક હોય ને?**

● ઉત્તર : એમ કહે કે પૂર્વના સંસ્કાર હશે, સંસ્કાર તો અત્યારે ગુરુદેવે આપ્યા છે. ૪૦-૪૦ વર્ષના સંસ્કાર ગુરુદેવે આપ્યા છે. માટે પૂર્વના જ સંસ્કાર એટલે કંઈ પૂર્વભવના જ સંસ્કાર હોય એવું નથી. માટે પુરુષાર્થની તૈયારી તો પોતાને જ કરવાની છે. ૧૦.

*** પ્રશ્ન : સંસ્કાર પૂર્વના એ પણ વ્યવહારે કથન છે. એ સંસ્કારના બળે થયો. પોતે પુરુષાર્થ કરી (સમ્યક્દર્શન) પ્રાપ્ત કરી લે ત્યારે એ પૂર્વના સંસ્કારનું બળ, એવું વ્યવહારથી કહેવાય?**

● ઉત્તર : એમ વ્યવહારથી કહેવાય. એના પર આરોપ આપીને કથન કરાય. પૂર્વના સંસ્કાર તો વ્યવહારે હોય છે. ૧૧.

**પ્રશ્ન : પૂર્વના સંસ્કારને જાગૃત કરે એ વર્તમાનનો પુરુષાર્થ છે?**

● ઉત્તર : એ પોતાનો વર્તમાન પુરુષાર્થ છે. આત્મામાં આનંદ ભર્યો છે, આત્મામાં જ્ઞાન ભર્યું. પણ પોતે અંદરથી વિકલ્પ છેદીને પુરુષાર્થ કરે તો થાય. ૧૨.

*** પ્રશ્ન : વચનામૃતમાં સંસ્કારની વાતો ઘણી આવી છે તો સંસ્કાર કઈ રીતે પ્રગટ થાય?**

● ઉત્તર : વારંવાર વારંવાર એનો અભ્યાસ કર્યા કરે અને વારંવાર ગુરુદેવે જે બતાવ્યું, વારંવાર એનું ચિંતવન, એનું મનન, એની મહિમા, એની લગની વારંવાર, સત્‌સંગ શ્રવણ, મનન, વારંવાર. જેમ છાશમાં માખણ એને વલોવતા વલોવતા માખણ બહાર આવે છે. વારંવાર એનું મંથન કર્યા કરે. જે ગુરુદેવે બતાવ્યું છે. પુરુષાર્થ વારંવાર 'હું ચૈતન્ય જુદો છું. આ (વિભાવ) જુદું છે' પણ એને માટે તૈયારી કેટલી કરવાની? પોતે વારંવાર એનું મંથન કરે. બહારના નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્રના સાનિધ્યમાં રહે, એનું સત્સંગ, શ્રવણ, મનન ને બધું વારંવાર કર્યા કરે તો વારંવાર એના સંસ્કાર દૃઢ થાય. રુચિને વારંવાર તીવ્ર થાય એમ કર્યા કરે. ૧૩.

* પ્રશ્ન : સંસ્કાર દ્રવ્યમાં યોગ્યતા રૂપે રહે છે?

● ઉત્તર : (સંસ્કાર દ્રવ્યમાં) યોગ્યતા રૂપે રહે છે. પર્યાય તો વઈ ગઈ છે. વ્યતિરિક્ત થઈ ગઈ છે. બધી પર્યાય ભિન્ન ભિન્ન છે. એ બધી સ્વતંત્ર છે અને એક બાજુ કહે કે દ્રવ્યને આશ્રયે છે. દ્રવ્યનો આશ્રય ન હોય તો પછી અનંતકાળમાં જે જે એનું બન્યું છે એ બધું બન્યું છે. એ ક્યાંથી અંદર એને સ્ફૂરણામાં આવે છે? બધા સંસ્કારો છે. પર્યાય વઈ ગઈ છે તોય. ૧૪.

* પ્રશ્ન : સંસ્કારો રહી જાય?

● ઉત્તર : સંસ્કારો રહી જાય છે. રહી જાય. ઓલા દ્રવ્ય ઓલી પર્યાય જે કામ કર્યું આ પર્યાયને કાંઈ મેળ નથી. એને કાંઈ મેળ નથી, તો પછી દ્રવ્ય સાવ છૂટું પડી ગયું. તો જે પોતે મુક્તિનો માર્ગ પ્રગટ કરે છે, વિભાવ મારો નથી. આ સ્વભાવ પ્રગટ કરવો. એક પર્યાયને બીજી પર્યાયને ક્યાંય મેળ જ નથી તો કરવાનું શું રહ્યું? કાંઈ રહ્યું જ નહીં પછી, ટુકડા થઈ જાય. વચ્ચે એક નિત્ય શાશ્વત દ્રવ્ય છે, પણ પર્યાયો પલટી જાય છે. બધી અપેક્ષાનો મેળ કરીને સાધના કરવા જેવી છે. ક્યે વખતે ક્યાં શેનું વજન આપીને કાર્ય કરવું. (એ સમજવું) ૧૫.

✻ પ્રશ્ન : બહાર શુભભાવમાં એકલું જે હિતરૂપ નથી ને?

● ઉત્તર : પુરુષાર્થ થાય તો કરો તો સારી વાત છે. નહીંતર તો સંસ્કારો જેટલા ઊંડા પડે એ લાભનું કારણ છે. થઈ શકે તો કરવું, નહીંતર શ્રદ્ધા તો જરૂર કરજો એમ આવે છે. બની શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ કરો, ને બની શકે તો કર્તવ્યથી શ્રદ્ધા તો કરજો. શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહીં. શ્રદ્ધા જ કર્તવ્ય છે. તો આગળ જવાશે. શ્રદ્ધાનું બળ બરાબર રાખીશ તો જ્ઞાયકના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી. બહારનો કોઈ ક્રિયાકાંડનો કોઈ માર્ગ નથી. આ તો અંતરનો માર્ગ છે. જ્ઞાયકની શ્રદ્ધા કરવી, ભેદજ્ઞાન કરવું, દ્રવ્ય પર દૃષ્ટિ કરી લેવી. શરીરથી આત્મા જુદો. વિકલ્પથી પોતાનો સ્વભાવ જુદો. બધાથી જુદો. જ્ઞાયકને તારવી લેવો એ એક માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી. સર્વસ્વ બધા વિભાવથી જુદો પોતે જ છે. વિભાવ પોતાનો સ્વભાવ જ નથી. એનું ભેદજ્ઞાન, એ ભેદજ્ઞાનની નિરંતર ધારા, ઈ બધું કરવા જેવું છે. એની શ્રદ્ધા બરાબર કરજે, બની શકે તો ધ્યાનમય જ્ઞાયકની પરિણતિ કરજે. ન બની શકે તો શ્રદ્ધા કરજે. દેવ ગુરુએ જે બતાવ્યું. દેવગુરુની શ્રદ્ધાને આશ્રયે શ્રદ્ધા કરજે, જે બતાવ્યું એ કરવાનું છે. દેવ ગુરુનું સાનિધ્ય એ મહા ભાગ્યની વાત છે. એની મહિમા કરવી. જ્ઞાયકની મહિમા કરવી. જ્ઞાયક મહિમાવંત છે. એ જ ઓળખવા જેવો છે. એના ઊંડા સંસ્કાર નાખજે. બની શકે તો પરિણતિ પ્રગટ થાય તો સારી વાત છે. નહીં તો શ્રદ્ધા કર્તવ્ય છે. ૧૬

❀ બહેનશ્રી : વસ્તુ કાંઈ એક નથી. એક જાતની અંદર ભાવના છે. એક જાતની અંતરમાં. એ જાતની પરિણતિ, એકજાતની અંદર લઢણ થઈને અંદર જે ભાવના રહે છે પોતાના સંસ્કારોથી. ૧૭.

✻ પ્રશ્ન : પૂર્વના સંસ્કારને પુરુષાર્થ સાથે કંઈ સંબંધ છે?

● ઉત્તર : વ્યવહારે સંબંધ કહેવાય. એમ કહેવાય કે પૂર્વના સંસ્કાર હોય તો પુરુષાર્થ જલ્દી ઊપડે છે. વ્યવહારે સંબંધ કહેવાય. બાકી તો વર્તમાન પુરુષાર્થ કરે ત્યારે થાય છે. ઘણાને સંસ્કાર હોય

તોય પુરુષાર્થ તો વર્તમાનમાં જ કરવો પડે છે. સંસ્કાર—એ પુરુષાર્થ કરે ત્યારે સંસ્કારને કારણ કહેવાય છે. પૂર્વે જે કાંઈ સંસ્કાર નાંખ્યા હોય એની યોગ્યતા પડી હોય પછી પોતે વર્તમાન પુરુષાર્થ કરે તો એને કારણ થાય. પુરુષાર્થ ન કરે તો કારણ થતું નથી. વર્તમાન પુરુષાર્થ તો નવો જ કરવાનો રહે છે. ૧૮.

*** પ્રશ્ન : પુરુષાર્થ કરવાથી લાભ શું થયો એને? જે જીવ સંસ્કાર પાડતો નથી એ સંસ્કાર એના પાડે એમાં એને પુરુષાર્થથી જો પ્રાપ્ત થતો હોય તો?**

● ઉત્તર : એ સંસ્કાર એ કે એને પુરુષાર્થ ઉપડવાનું કારણ બને છે એમ ઈ લાભ છે. અને ઈ કારણ ક્યારે કહેવાય? કે કાર્ય આવે તો. યથાર્થ રીતે જો ઈ કારણ અંદર હોય તો કાર્ય આવે ને તો પુરુષાર્થ ઉપડે. પણ ઈ કારણ યથાર્થ હોવું જોઈએ. અંદર યથાર્થ રીતે જો હોય તો પુરુષાર્થ ઉપડે એવો સંબંધ છે. હવે પુરુષાર્થ ઉપડે ઈ પુરુષાર્થ સ્વતંત્ર છે અને ઈ સંસ્કાર ય સ્વતંત્ર છે. પુરુષાર્થ ઉપડે તો એને કારણ કહેવાય. એને કારણ બને છે માટે પુરુષાર્થ થાય છે એમ નથી. ઈ કાંઈ પુરુષાર્થ ઉપાડી દેતું નથી. પોતે પુરુષાર્થ કરે તો એનું કારણ થાય છે. ૧૯.

*** પ્રશ્ન : આ ભવમાં ઊંડા સંસ્કાર પડ્યા છે તે આ ભવમાં કાર્ય ન થાય તો બીજા ભવમાં કાર્ય થયા વિના રહેશે નહીં?**

● ઉત્તર : યથાર્થ કારણ હોય તો કાર્ય આવે જ છે એમ. પછી કારણ કેવું એ પોતાને સમજવાનું છે. કારણ યથાર્થ હોય તો કાર્ય આવે જ. તો પુરુષાર્થ ઉપડશે જ. એમ! કારણ તારું યથાર્થ હશે તો ભવિષ્યમાં પુરુષાર્થ ઉપડશે એમ. પણ પુરુષાર્થ ઉપાડનારને એમ ભાવના રહેવી જોઈએ કે હું પુરુષાર્થ ઉપાડું. મારા સંસ્કાર હશે તો પુરુષાર્થ ઉપડશે એવી જો ભાવના રહે તો પુરુષાર્થ નથી ઉપડતો. પુરુષાર્થ ઉપાડનારને તો એમ જ હોવું જોઈએ કે હું પુરુષાર્થ કરું તો એને ઓલું (સંસ્કાર) કારણ બને છે. પુરુષાર્થ કરનારને તો એવી જ

ભાવના રહેવી જોઈએ કે હું પુરુષાર્થ કરું. જો મને સંસ્કાર હશે તો એની મેળે ઉપડશે એવી ભાવના ન રહેવી જોઈએ. જેના સંસ્કાર યથાર્થ કારણરૂપે નીવડે એને પુરુષાર્થ ઉપડે જ. એ એવો એક સંબંધ હોય છે. પણ પુરુષાર્થ કરનારને એમ ન હોવું જોઈએ કે મને સંસ્કાર હશે તો પુરુષાર્થ ઉપડશે. જો એવી ભાવના રહે તો પુરુષાર્થ ઉપડતો જ નથી. ભાવના એવી જ રહેવી જોઈએ કે 'હું પુરુષાર્થ કરું, હું પ્રયત્ન કરું, હું આમ કરું' એમ પોતાની ભાવના રહે તો એ કારણ કાર્યનો સંબંધ થાય છે. પોતાને એવી ભાવના રહેવી જોઈએ. ૨૦.

**✻ પ્રશ્ન : આત્માનો અનુભવ ન થતો હોય તો પછી એવા સંસ્કાર પાડો તો એમાં બધું આવી જશે, એમાં જાણે પુરુષાર્થ ઓછો થતો હોય એવું લાગે ?**

● ઉત્તર : બહુ પ્રયત્નમાં એને મુંઝવણ થાતી હોય, પ્રયત્ન થઈ શકતો ન હોય. પહેલું તો ઈ કે તું પહોંચી જા ઠેઠ સુધી, એવો પ્રયત્ન તારો ઉપડતો હોય તો પ્રયત્ન તૂટવા (ન દઈશ!) પણ પ્રયત્ન તારો ન થાતો હોય તો સંસ્કાર તો નાખ. પણ સંસ્કાર એટલે ઈ કોઈ એના કાર્ય ન કરે. સંસ્કાર પોતે જ પુરુષાર્થનું બધું કાર્ય સંસ્કારમાં આવી જાતું નથી. એમ કે તું થોડું કર. કરી જો શકે પ્રતિક્રમણ તો ધ્યાનમય કરજે. ન બની શકે તો શ્રદ્ધા કરજે એમ. તારાથી જો બની શકે તો ઠેઠ સુધી ધ્યાન કરીને તું કેવળજ્ઞાન સુધી, મુનિદશા અને કેવળજ્ઞાન પ્રગટાવજે. પણ ન બની શકે તો તું શ્રદ્ધા કરતાં સમ્યક્દર્શન પ્રાપ્ત કરજે. ભલે સમ્યક્દર્શન સુધી ન પહોંચી શકાય તો એની રુચિ, ભાવના અને સંસ્કાર કરજે, પણ કરવાનું ધ્યેય તો પોતાનો પ્રયત્ન ઉપડે તો પૂરે પૂરું કરવાનું. આચાર્ય એમ કહે છે કે તારાથી બની શકે તો પૂરું કરજે, ન બની શકે અને તને મુંઝવણ થાતી હોય તો તું આટલું તો કરજે એમ. તો છેવટે તું અંદર બીજ તો એવા રોપજે રુચિના કે જે રુચિ તને કારણરૂપે નીવડે એવી રુચિ તો નાંખજે ન બની શકે તો એમ. એમાં રુચિમાં કાંઈ બધું આવી જાતું નથી. તારી એવી અંદર

ઊંડી ભાવના હશે તો ભવિષ્યે તને પછી એવી ભાવના અંદરથી ઉપડશે. અને તને પુરુષાર્થ કરવાનું કારણ થશે, પણ ત્યાંય તને પાછું એમ જ થાવું જોઈએ કે હું પુરુષાર્થ કરું, ત્યાં એમ જ થાય. કે ભાવના ઉપડે તો પુરુષાર્થ કરું. અંદર જાઉં. પણ અત્યારે ન થાતું હોય તો અભ્યાસ કરજે. એની દઢતા કરજે. વારંવાર એનું ઘોલન કરજે. હું જ્ઞાયક છું. હું આ નથી, આ વિભાવ મારો સ્વભાવ નથી, મારો સ્વભાવ જુદો છે, એમ વારંવાર એને તું દઢ કરજે. તો ઈ દઢતા તારી હશે તો તને ભવિષ્યે પાછી દઢતા ઈ અંદર હશે તો તને અંદર સ્ફૂરી આવશે, તો તને પુરુષાર્થ થવાનું કારણ બનશે. એમ એમાં બધું આવી નથી જતું. ૨૧.

✻ પ્રશ્ન : નિમિત્ત તરીકે સંસ્કારને લેવા ?

● ઉત્તર : નિમિત્ત તરીકે. ૨૨.

પ્રશ્ન : સંસ્કારને નિરર્થકમાં ખપાવે છે.

● ઉત્તર : ઈ અપેક્ષા જુદી છે. કોઈ સંસ્કાર નિરર્થક નથી. ૨૩

✻ પ્રશ્ન : પર્યાય અપેક્ષાએ સંસ્કાર સાર્થક છે ?

● ઉત્તર : પર્યાય અપેક્ષાએ સંસ્કાર સાર્થક છે. દ્રવ્ય અપેક્ષાએ સંસ્કાર નિરર્થક છે. વસ્તુમાં એ નથી, મૂળ સ્વભાવમાં. પર્યાયની વાત છે. એ પર્યાય પલટી જાય તો પણ તો ય ઈ વ્યવહાર એટલે 'કાંઈ નથી' એવું નથી. ૨૪

✻ પ્રશ્ન : પુરુષાર્થ કરો તો કહેવાય કે સંસ્કાર નિમિત્ત છે. ભરતના પુત્રોને ક્યા સંસ્કાર હતા ? (અસ્પષ્ટ છે)

● ઉત્તર : નિગોદમાંથી નીકળીને તરત પછી ઓલા મમોલા થાય છે. અને પછી મનુષ્ય થઈને તરત. તેને સંસ્કાર ક્યાં હતા? તારો સ્વભાવ સંસ્કાર. તારો આત્મ સ્વભાવ છે જ્ઞાયક, ઈ જ તારા સંસ્કાર છે. તારો સ્વભાવ છે, પણ જ્ઞાન તારો સ્વભાવ જ જ્ઞાયક રૂપે રહેવાનો છે. જ્ઞાન સ્વભાવી છું. ઈ તારો જ્ઞાન સ્વભાવ જ તને તારી પરિણતિ તરફ તને જો અંતરમાંથી એવું ભાસે તો તારો સ્વભાવ જે

છે એ સ્વભાવ જ સંસ્કારરૂપ છે. તું ચેતનતાથી ભરેલો છે. કાંઈ જડ તારો સ્વભાવ નથી. ચેતન તું, ચેતન તરફ તારી પરિણતિ. ચેતન દ્રવ્ય છે ઈ જ તારી પરિણતિ. એને તારા તરફ ખેંચસે. તારો સ્વભાવ જ છે. દ્રવ્ય જ ઈ પર્યાયને પ્રગટ કરવાનું કારણ છે. જે દ્રવ્ય પર દૃષ્ટિ ગઈ ઈ જ તારી પર્યાય યથાર્થ સમ્યક્‌રૂપે પરિણમી જાશે. તારો સ્વભાવ જ સમ્યક્‌રૂપ છે. યથાર્થ જ્ઞાન સ્વભાવ છું. ઈ સ્વભાવ જ એને કારણ બનશે. સીધી રીતે દ્રવ્ય જ તેનું કારણ થઈ જશે. ઓલી સંસ્કાર ઈ એક પરિણતિ છે. ઈ પરિણતિ એનું કારણ થાય એ વ્યવહાર થયો. દ્રવ્ય જ એને મૂળ બધું (છે.) દ્રવ્ય જ કારણ છે. એ તો નિશ્ચયથી મૂળ સ્વભાવ તારો જ્ઞાયક જ છે. ઈ સ્વભાવ જ એનું કારણ થાય છે. ઈ નિગોદમાંથી નીકળી એ એનો સ્વભાવ છે. ઈ સ્વભાવનું છે તે ‘હું તો ચૈતન્ય છું હું આ વિભાવ નથી’. બસ! એ સ્વભાવ પર દૃષ્ટિ ગઈ ત્યાં પરિણતિ પલટાઈ ગઈ. ત્યાં સંસ્કાર પહેલેથી દૃઢ કરવા પડ્યા કે ‘હું જ્ઞાયક છું.’ એવો અભ્યાસ કરવો પડ્યો એવું ક્યાંય થયું નહીં. બધો અભ્યાસ એક સાથે જ થઈ ગયો. ‘હું જ્ઞાયક જ છું’ એમ એકદમ દૃઢતા આવી ગઈ. તો અંતર્મુહૂર્તમાં થઈ ગયું. ઓલા સંસ્કાર એટલે વારંવાર વારંવાર વાર લાગી. મંદ પુરુષાર્થને લઈને વાર લાગી કે ‘હું જ્ઞાયક છું. હું જ્ઞાયક છું’ એમ પરિણતિ દૃઢ થઈ નહીં સહજરૂપે એટલે વારંવાર વારંવાર ઝાઝો કાળ અભ્યાસ કર્યો એટલે એ સંસ્કાર કહેવાણા. એને (ભરતના પુત્રોને) અભ્યાસ કરવાનું કાંઈ રહ્યું જ નહીં. તરત જ એકદમ પુરુષાર્થ કર્યો. તે એકદમથી જેમાં સંસ્કાર વચ્ચે લાવવાની જરૂર જ ન પડે. મૂળ સ્વભાવ—જ્ઞાયક સ્વભાવ તે જ પોતાનો સ્વભાવ તે જ કારણ રૂપ થાય છે. પછી પરિણતિનો સંસ્કાર કરવાનો વચ્ચે ક્યાંય એને કાળ જ નહોતો. પુરુષાર્થ જેનો તીવ્ર ઉપડે એને કાંઈ સંસ્કારની વચ્ચે કાંઈ જરૂર હોતી જ નથી. દ્રવ્ય જ એનું કારણ થાય છે. ૨૫.

✻ પ્રશ્ન : એ અપેક્ષાએ સ્વભાવ સંસ્કારને નિરર્થક કરનારું છે?

● ઉત્તર : નિરર્થક, દ્રવ્ય સંસ્કારને નિરર્થક—નિરર્થક કરનારું છે. એ દ્રવ્ય કારણ બને ને એકદમ અંતરમાં જાય છે. નિગોદમાંથી નીકળીને પછી મનુષ્ય થઈને તરત 'હું જ્ઞાયક સ્વભાવ જ છું' એમ કેટલાય અંતર્મુહૂર્તમાં પામી જાય છે. ત્યાં વચ્ચે સંસ્કારની કાંઈ જરૂર જ રહેતી નથી. ૨૬.

✻ પ્રશ્ન : એવું જલ્દી કામ થાય એવો કોઈ રસ્તો દેખાડો તો કામ આવે ?

● ઉત્તર : પોતે જલદી પુરુષાર્થ કરે તો જલદી થઈ જાય એમ. ધીરે ધીરે અભ્યાસ કર્યા કરે કે 'હું જ્ઞાયક છું. હું જ્ઞાયક છું.' એ કરતાં 'હું જ્ઞાયક જ છું.' એમ એકદમ દૃઢતાથી પોતે જોર કરે, પોતે વિભાવોથી એકદમ છુટી જાય તો જલ્દી થાય. પુરુષાર્થ ધીરે ધીરે કરે એટલે એમાં સંસ્કાર વચ્ચે આવે છે. જલ્દી કરે તો સંસ્કાર વચ્ચે આવતા જ નથી. પુરુષાર્થથી અભ્યાસ કરે એટલે સંસ્કાર થયાં. જલ્દી કર્યું. એકદમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈને થઈ ગયું એમ કમર કસીને તૈયાર થયા ભરતના પુત્રો, છોકરાઓ એમ. પોતે તૈયાર થઈને અંતરમાં જાય તો એકદમ થઈ જાય. ૨૭.

✻ પ્રશ્ન : કમર કસી છે ?

● ઉત્તર : કમર કસી છે. ૨૮.

✻ પ્રશ્ન : હું જ્ઞાયક છું. એ વિશ્વાસ આવી જાય તો લાંબો કાળ જાય નહીં ?

● ઉત્તર : લાંબો કાળ જાય નહીં. એકદમ દૃઢતા થાય. જો વિશ્વાસ રૂપે પરિણતિ એકદમ દૃઢ થઈ જાય, 'હું જ્ઞાયક જ છું' એ વિશ્વાસ છે એવી જ પરિણતિ 'હું જ્ઞાયક જ છું.' દૃઢતા થઈ. મોહ ગ્રંથીને હણી નાંખે છે એકદમ અંતરમાં તરત થઈ જાય મોહ ગ્રંથીને હણીને સમ્યક્‌દર્શન પામીને કેટલાય ચોથા કાળે અંતરમાં લીનતા તરત કરી નાખે (છે.) એકદમ સમ્યક્‌દર્શનનું પાછું કાર્ય પાછું લીનતા રૂપે એકદમ આવી જાય છે. નહીં તો જલ્દી કરે છે. નહીં તો વિભાવના

સંસ્કાર હાલ્યા આવે છે. આવે છે 'ક્રોધાદિ તરતમ્યતા સર્પાદિકની માય' એ વિભાવના સંસ્કાર આવે છે. એમ આ સ્વભાવ તરફની રુચિના સંસ્કારો ઈ પણ એને પૂર્વભવના આવે છે ને પુરુષાર્થ કરે ત્યારે એને કારણરૂપે કહેવાય છે. ૨૯.

**✻ પ્રશ્ન : સંસ્કાર પુરુષાર્થ કરે એને ઉપયોગી કહેવાય. ન કરે એને ?**

● ઉત્તર : પુરુષાર્થ તીવ્ર થઈને દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ તો સંસ્કારનું કાંઈ પ્રયોજન નથી. અભ્યાસ કર્યા કરે તો વચ્ચે સંસ્કાર આવે. કેટલાક જીવો એવી રીતે અભ્યાસ કરતાં કરતાં એકદમ અંતર્મુહૂર્તમાં થઈ જાય. એવા કોક હોય છે. બાકી અભ્યાસ કરતાં કરતાં ચોથા કાળની અંદર જલ્દી થઈ જાય એવા ઘણા હોય, પણ તોય અંતર્મુહૂર્તમાં થઈ જાય એવા તો કોક જ હોય છે. અભ્યાસ કરતાં કરતાં પણ પાયો ખોદતા નિધાન નીકળી જાય એવું તો કોકને થાય. બાકી એની મહેનત કરતાં કરતાં થાય. એમાં આ તો પંચમ કાળ છે. ૩૦

**✻ પ્રશ્ન : પૂર્ણતા પ્રગટ થાય તો એ કર. ખરેખર તો ઈ ન થાય તો શ્રદ્ધા પ્રગટ કરે. શ્રદ્ધા જો ન આવી શકે તો સંસ્કાર તો ઊંડા પાડીને જા.**

● ઉત્તર : સંસ્કાર તો ઊંડા પાડ. ઉપદેશની એવી શૈલી એવી છે કે પહેલાં આ કોઈ સાંભળવા આવે તો મુનિપણાનો ઉપદેશ આપે છે ને પછી મુનિ ન થઈ શકે તો પછી શ્રાવકનો ઉપદેશ આપે છે. પછી શક્તિ ન હોય તો શ્રાવકને સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકનો ઉપદેશ છે. પંચમકાળ છે. એક સમ્યગ્દર્શન સુધી પરિણતિ પ્રગટ કરવાનો એટલો પુરુષાર્થ ન હોય તો એની રુચિના સંસ્કાર જ છે. ૩૧.

**✻ પ્રશ્ન : (પરિણામ સ્વતંત્ર છે તો સંસ્કાર કેમ કામ કરે ?)**

● ઉત્તર : હોય જ. પરિણામ સ્વતંત્ર છે પણ સંસ્કાર નથી. સંસ્કાર નથી. એમ કે વસ્તુ અપેક્ષાએ એવા સંસ્કાર નથી, પણ પર્યાય અપેક્ષાએ સંસ્કાર છે. જે પ્રત્યભિજ્ઞાન થાય છે કે પૂર્વનું જે યાદ આવે

છે એ બધું પ્રત્યભિજ્ઞાન છે. એ સંસ્કાર જ છે. એ સંસ્કાર એવી રીતે કામ કરે છે. પોતે અંદર અભ્યાસ કરે જ્ઞાયકનો વારંવાર વારંવાર તો એ સંસ્કાર એની પર્યાય અપેક્ષાએ કામ કરે અને પર્યાય કાંઈ નથી, સર્વથા નથી એવું નથી. વસ્તુમાં એ સંસ્કાર વસ્તુ અપેક્ષાએ ન કહેવાય, પણ પર્યાય અપેક્ષા સંસ્કાર છે. ને પર્યાય કાંઈ સર્વથા નથી એવું નથી. માટે સંસ્કાર કામ કરે છે. જ્ઞાયક પોતે શુદ્ધ શુદ્ધાત્મા છે. એમાં જે જાતના સંસ્કાર, જેમ વિભાવના સંસ્કાર પડે, જે અનાદિના જે ક્રોધ ને ક્રોધના સંસ્કાર, એમ વિભાવના સંસ્કાર જેમ ચાલ્યા આવે છે. એમ જે સ્વભાવ તરફના સંસ્કાર પાડે તો ઈ સંસ્કાર પણ જીવને એ કામ આવે છે કે 'હું જ્ઞાયક છું. જ્ઞાયક છું' એવી જાતના જે સંસ્કાર અંદરથી ઊંડાણથી પડેલા હોય તો એ સંસ્કાર એને પ્રગટ થવાનું કારણ થાય છે. ગુરુદેવે તો અપૂર્વ ઉપકાર કર્યો છે. વારંવાર વારંવાર આત્માનું સ્વરૂપ જ્ઞાયકનું સ્વરૂપ સમજાવ્યું છે. ગુરુદેવ તો મહાન જગતના એક સૂર્ય સમાન હતા. એમણે જ્ઞાયકનું સ્વરૂપ ઓળખાવ્યું ને વારંવાર એ ઉપદેશની જમાવટ કરી છે. એ તો કોઈ અપૂર્વ છે અને ઈ સંસ્કાર પોતે અંદર નાખે, અંતરમાંથી જિજ્ઞાસાપૂર્વક વારંવાર એનો અભ્યાસ કરીને તો સંસ્કાર કાંઈ સર્વ અપેક્ષાએ કામ નથી કરતાં એવું નથી. ૩૨.

**✻ પ્રશ્ન : 'તત્પ્રતિ પ્રીતિ ચિત્તેન.. શુદ્ધાત્માની વાત રુચિપૂર્વક સાંભળે તો એ ભાવિ નિર્વાણનું ભાજન થાય' એ સંસ્કારની વાત છે ?**

● ઉત્તર : અંતરમાં એવી રુચિ જો પ્રગટ કરવી હોય, અંતરમાં એવી રુચિ હોય તો 'તત્પ્રતિ પ્રીતિ ચિત્તેન' અંતરની પ્રીતિ, અંતરની રુચિપૂર્વક જો એ ગ્રહણ કરે તો એમાં સંસ્કાર સમાય જાય છે. સંસ્કાર એટલે ઈ જ છે કે પોતાને જે જાતની રુચિ છે એ રુચિની અંદર દૃઢતા થાવી, એ તરફનું પોતાનું વલણ થવું, જે રુચિ છે એ જાતની, એ રુચિના સંસ્કાર છે. ઈ સંસ્કાર અપેક્ષાએ છે. એ રુચિ ઊંડી છે એ રુચિની અંદર એકદમ જમાવટ થઈ જાવી ઈ સંસ્કાર જ છે. ૩૩.

✻ પ્રશ્ન : 'તત્પ્રતિ પ્રીતિ ચિત્તેન..... ભાવિ નિર્વાણ ભાજનમ્' ત્યાં એમ કહ્યું ને કે

● ઉત્તર : ભાવિ નિર્વાણ ભાજનમ્ એ મુક્તિનું ભાજન થાય છે. ૩૪

✻ પ્રશ્ન : સંસ્કારમાં એટલું બળ હોય ?

● ઉત્તર : સંસ્કારમાં રુચિ ભેગી આવી જાય છે. સંસ્કાર એટલે રુચિ. અંતરની ઊંડી રુચિપૂર્વકના જે સંસ્કાર છે. સંસ્કાર એનું નામ જ કહેવાય કે જે સંસ્કાર અંતરમાં એવી ઊંડી રુચિપૂર્વકના હોય કે જે સંસ્કાર જાય જ નહીં પાછા. સંસ્કાર નિરર્થક ન જાય. એવા સંસ્કાર, એવા રુચિપૂર્વકના હોય કે ભાવિ નિર્વાણનું ભાજન થાય. યથાર્થ કારણરૂપે નીવડે. ૩૫

✻ પ્રશ્ન : રુચિપૂર્વકના એવા સંસ્કાર હોય કે જે નિયમથી મુક્તિનું કારણ થાય ?

● ઉત્તર : નિયમથી મુક્તિનું કારણ થાય. પુરુષાર્થપૂર્વક પુરુષાર્થ કરે ત્યારે એને એમ જ થાય કે હું પુરુષાર્થ કરું એમ ભાવના એમ રહે. પણ રુચિપૂર્વકના જે સંસ્કાર પડ્યા એ યથાર્થ 'ભાવિ નિર્વાણ ભાજનમ્' થાય. નિર્વાણનું ભાજન થાય. પુરુષાર્થ ઈ કામ એ કે કરે છે કે ઉંધી રુચિ છે એટલે ઈ બધા એવા મિથ્યાત્વ—ઊંધી દૃષ્ટિના સંસ્કારો ચાલ્યા આવે છે. યથાર્થ અંદર રુચિ થાય કે આ કાંઈક જુદું છે. આત્મા કાંઈક જુદો છે. માર્ગ કાંઈક જુદો છે. એવી રુચિ અંતરમાંથી થાય. પ્રીતિથી વાણી સાંભળી તો અંતરમાં એવી કાંઈક અપૂર્વતા લાગે કે આ આત્મા કાંઈક અપૂર્વ છે. આ વાણીમાં કાંઈક આવું કહે છે. આ ગુરુદેવ આવું કહે છે. અંદરમાં કાંઈક આત્મા અપૂર્વ છે. એવી આત્માની અપૂર્વતા તરફની રુચિ જાગે છે ને એને સંસ્કાર પડ્યા એ પછી ભાવિ નિર્વાણનું ભાજન થાય છે. ૩૬.

બોલો સદ્ગુરુદેવનો જય હો. ભગવતી માતનો જય હો.